ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧. ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨ ફેકસ: ૨૩૫૦૧૨
E-mail : info@kskvkachchhuniversity.org Web : kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./E C.- Minuets (15) 13 th July'12 / ૨૦૧૨ –૧૩/ 252 to 264 તા. ૨૫ /૦૭/'૧૨

પ્રતિ,
એક્ઝિક્યુટીવ કાઉન્સિલના તમામ સભ્યશ્રીઓ તરફ...

**વિષય :** ગત તારીખ ૧૩મી જુલાઈ '૨૦૧૨નાં રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની યોજાયેલ બેઠકની મિનિટ્સ નોંધ મોકલવા બાબત...

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તારીખ **૧૩મી જુલાઈ '૨૦૧૨**ના રોજ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ દ્વિતિય એક્ઝિક્યુટીવ કાઉન્સિલની પંદરમી બેઠકની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

B. S. Patel

**કુલસચિવ**

**બિડાણ :** ઉપર મુજબ.
**નકલ સવિનય રવાના :** માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ.

# તારીખ ૧૩મી જુલાઈ ૨૦૧૨નાં રોજ બપોરે ૧૦ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ દ્વિતિય એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની પંદરમી સભાની મિનિટ્સ નોંધ :

આજ રોજ તારીખ ૧૩મી જુલાઈ ૨૦૧૨ને શુક્રવારનાં બપોરે ૧૦ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે દ્વિતિય એક્ઝિક્યુટીવ કાઉન્સિલની પંદરમી બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓનાં આવકાર સાથે આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ. | હાજર / ગેરહાજર |
|---|---|
| ડૉ.શ્રી એસ.જી. યાદવ. —અધ્યક્ષશ્રી<br>માનનીય કુલપતિશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડાયરેક્ટર ઓફ હાયર એજયુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. —સભ્યશ્રી | ગેર હાજર |
| ડાયરેક્ટર ઓફ ટેકનિકલ એજયુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. —સભ્યશ્રી | ગેર હાજર |
| ડાયરેક્ટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. —સભ્યશ્રી | ગેર હાજર |
| ડૉ.શ્રી બી.એસ.પટેલ. —સભ્યશ્રી<br>ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી પી. એન.દવે. —સભ્યશ્રી<br>ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| શ્રી મુકેશભાઈ બી. ઝવેરી. —સભ્યશ્રી<br>મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભુજ. | હાજર |
| શ્રી જયંતભાઈ કે. માધાપરિયા. —સભ્યશ્રી<br>સભ્યશ્રી, કચ્છ જિલ્લા પંચાયત,માધાપર, તા. ભુજ. | હાજર |
| ડૉ. ડી.સી.ધોળકિયા. —સભ્યશ્રી<br>પ્રોફેસર, ગુજરાતી ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી કે.એમ.ત્રિવેદી. —સભ્યશ્રી<br>પ્રોફેસર, સંસ્કૃત ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી રાજેન્દ્ર એમ. શાહ. —સભ્યશ્રી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ગાંધીધામ—કચ્છ. | હાજર |
| શ્રી નવલસિંહ એમ. જાડેજા. —સભ્યશ્રી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ભુજ —કચ્છ. | હાજર |
| ડૉ.શ્રી બી.એસ.પટેલ. —મેમ્બર સેક્રેટરી<br>( આઈ.સી. કુલસચિવશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ.) | હાજર |

**૧. ગત સભાની મિનિટ્સ નોંધનું વાંચન અને બહાલી :**

ગત તારીખ ૪થી જુન ૨૦૧૨ના રોજ મળેલ સભાની મિનિટ્સ નોંધના વાંચની વિગતે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૧ :</u>** ગત તારીખ ૪થી જુલાઈ ૨૦૧૨ના રોજની સભાની મિનિટ્સ નોંધને સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.

પાના નંબર : ૨ : પર ચાલુ..

૨. તૃતિય પદવીદાન સમારંભના આયોજન અન્વયેની કાર્યવાહી સંબંધે સમિતિ નિમવા બાબત :

**ઠરાવ : ૨ :** કોનવોકેશન કાર્યક્રમ તા. ૨૩–૭–૨૦૧૨ માટે જરૂરી વ્યવસ્થાઓ કરવા માટેના નિર્ણયો લેવા માટે નીચે જણાવ્યા મુજબના પાંચ સભ્યોની હાઈપાવર કમિટિની રચના કરવામાં આવે છે.

૧. શ્રી મુકેશભાઈ બી. ઝવેરી.
મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભુજ.
૨. ડૉ. ડી.સી.ધોળકિયા.
પ્રોફેસર, ગુજરાતી ભાષા ભવન,
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ.
૩. શ્રી નવલસિંહ એમ. જાડેજા.
માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ભુજ –કચ્છ.
૪. શ્રી જયંતભાઈ કે. માધાપરિયા.
સભ્યશ્રી, કચ્છ જિલ્લા પંચાયત,માધાપર, તા. ભુજ.
૫. ડૉ.શ્રી કે.એમ.ત્રિવેદી.
પ્રોફેસર, સંસ્કૃત ભાષા ભવન,
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ.

૩. અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે...

(૧) ગોલ્ડ મેડલ આપવાના નિર્ણયમાં સ્પષ્ટતા રહે તે માટે નીચે મુજબ ઠરાવો કરવામા આવ્યા.

**ઠરાવ : ૩ :** પરીક્ષામાં પ્રથમ પ્રયત્ન આપનાર, અગાઉની પરીક્ષામાં ડ્રોપ લઈને પરીક્ષા આપનાર કે એક થી વધુ પ્રયત્ને પાસ થનારાઓ હોય ત્યારે પ્રથમ પ્રયત્ને પાસ થનારાઓ માંથી જે સર્વોચ્ચ ગુણ મેળવનાર હોય તેને જ ગોલ્ડ મેડલ આપવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ : ૪ :** પરીક્ષાનું પરિણામ જાહેર થઈ ગયા પછી રી–એસેસમેન્ટ કે રી–ચેકિંગ કરાવવાથી ગુણ વધારો થયો હોય તો તેને ગોલ્ડ મેડલ મેળવવા માટે ધ્યાનમાં લેવો નહી તેવો નિયમ રી–એસેસમેન્ટની અરજીના ફોર્મ ઉપર છાપેલ છે તે અનુસરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ : ૫ :** સી.બી.સી.એસ.પધ્ધતિ મુજબ પરિણામ ગ્રેડ મુજબ આપવામાં આવે છે તેથી પ્રથમ કોઈ એક નંબર નકકી કરવામાં આવતો ન હોવાથી સી.બી.સી.એસ.મુજબ જે ડીગ્રીના પરિણામો આપવામા આવે તેમા ગોલ્ડ મેડલ આપવાનો રહેતો નથી તેવુ સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**ઠરાવ : ૬ :** તારીખ ૨૩–૭–૨૦૧૨ના રોજ યોજાનાર કોનવોકેશનમાં આપવાના ૧૨ ગોલ્ડ મેડલનો ખર્ચ યુનિવર્સિટીના કોન્વોકેશન ફોર્મ ભર્યાની ફી પેટે જમા થયેલ રકમમાંથી કરવામા આવશે તેવુ સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી...

B. S. Patel
ઇ/આ.કુલસચિવશ્રી
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી
ભુજ-કચ્છ.